| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૯–૦૧–૨૦૨૨ |
| નોંધણી તારીખ | ૧૯–૦૧–૨૦૨૨ |
| ફેંસલ તારીખ | ૨૭–૦૨–૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ.....માસ..... દિવસ... |

........................................................................................................

**મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૦૪ માં, મું.અમદાવાદ**

........................................................................................................

**ફો.કેસ નં.૫૭૨૭/૨૦૨૨**

**આંકઃ–**

**ફરીયાદીઃ–** ગુજરાત સરકારશ્રી,
(મોહમદ હુસૈન અબ્દુલ હમીદ અંસારી)

**વિરુધ્ધ**

**આરોપીઃ–** (૧)મોહમદ સાકીર ઉર્ફે અજજુ સા/ઓ અબ્દુલ ગફાર અંસારી ઉ.વ.પુખ્ત,
રહે. મ.નં. ૧૬૧/૧ પઠાણની ચાલી કાળીદાસ મીલ સામે ગોમતીપુર અમદાવાદ,
(૨)મોહમદ સકીલ સ/ઓ અબ્દુલ ગફાર અંસારીઉ.વ.પુખ્ત,
(૩) મોહમદ રાહીલ સ/ઓ મોહમદ સકીલ અંસારી ઉ.વ.પુખ્ત,
(૪) મોહમદ સરજીલ સ/ઓ મોહમદ સકીલ અંસારી ,ઉ.વ.પુખ્ત,
ત્રણયે રહે. મ.નં. ૧૬૧/૩ પઠાણની ચાલી કાળીદાસ મીલ સામે ગોમતીપુર અમદાવાદ,

**ગુનોઃ ઈ. ઈ.પી.કો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)મુજબ..**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષે | વિદવાન એ.પી.પી.શ્રી ગોસ્વામી |
| આરોપી પક્ષે | વિદવાન વકીલશ્રી |

**–:: <u>ચુ કા દો</u> ::–**

**૧.** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૧૦/૨૦૨૧ ના રાત્રીના સાડા દસેક વાગ્યાના સુમારે ગોમતીપુર પઠાણની ચાલીના નાકે આરોપી નં.૩ તથા ૪ નાઓ ફરીયાદીશ્રીના ભત્રીજા સાથે બોલાચાલી કરી ગંદી બિભત્સ ગાળો બોલતા હોય ફરીયાદીશ્રીએ શાંતિ રાખવાનુ કહેતાં બન્ને જણાએ ફરીયાદીશ્રીને ગંદી બિભત્સ ગાળો બોલી તેમજ આરોપી નં.૧ નાઓ ઝપાઝપી કરી ચપ્પાનો એક ઘા પેટના ડાબી બાજુ એક લસરકો મારી તેમજ આ કામના સાહેદને પણ જમણા હાથના અંગુઠા ઉપર ચપ્પુ વગાડી તેમજ આરોપી નં.૩ નાએ લાકડાના દંડાનો એક ફટકો ફરીયાદીને ડાબા પગના ઘુંટણના ભાગે મારી તેમજ નં.૪ નાએ લાંકડાની પાઈપનો એ ફટકો ફરીયાદીને માથાના મધ્યભાગે તથા ડાબા હાથનાપંજા ઉપર એક એક ફટકો મારી તેમજ આરોપી નં.ર નાએ આ કામના સાહેદને લાકડાના દંડાનો એક ફટકો ડાબી આંખની ભ્રમર પાસ ે મારઈ ઈજા કરી જાહેર નામાનો ભંગ કરી **<u>ઇી. ઈ.પી.કો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)</u>** મુજબ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ સરકારશ્રી તરફે ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, પોલીસ સ્ટેશનનાં અધિકારીએ ફરીયાદીની ફરીયાદ નોંધી, સદર ફરીયાદ તપાસ કરનાર અમલદારને સુપ્રત કર્યા બાદ, તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુધ્ધ ફરીયાદનાં અનુસંધાને યોગ્ય તપાસ કરતાં વ્યાજબી અને પુરતો પુરવો જણાઈ આવતાં અત્રેની અદાલત સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

**૨.** આ કામનાં આરોપીઓ કોર્ટમાં હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો મળી ગયાની ખાતરી કરી આરોપીઓ વિરુધ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવવામાં આવેલ છે, ત્યારબાદ આંક–૦૪ થી ૦૭ મુજબ પ્લી લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ન્યાયની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.** આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવા:–</u>**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી મો.હુસેન અન્સારી ની સોંગદ પરની જુબાની | આંક–૦૯ |
| ૨. | ફરીયાદ | આંક–૧૦ |
| ૩. | સાહેદ મો.મુસ્તુફા ની જુબાની | આંક–૧૧ |

| | | |
|---|---|---|
| ૪. | સાહેદ મહેદીહસન અન્સારી ની જુબાની | આંક–૧૨ |
| ૫. | પંચનામુ | આંક–૧૩ |
| ૬. | પંચનામુ | આંક–૧૪ |
| ૭. | સારવાર સર્ટી | આંક–૧૫ થી ૧૭ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૮ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો માંગતા ન તેવુ જાહેર કરમા આવેલ છે.

**૪.** સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો રજુ થઈ જતાં વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો ના હોય, આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી, ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફેનાં વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

**૫.** ઉપરોકત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

–:: **મુદ્દા** :: –

**:૧:** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શકે છે કે, આ કામના આરોપીઓએ તા.૩૧/૧૦/૨૦૨૧ ના રાત્રીના સાડા દસેક વાગ્યાના સુમારે ગોમતીપુર પઠાણની ચાલીના નાકે આરોપી નં.૩ તથા ૪ નાઓ ફરીયાદીશ્રીના ભત્રીજા સાથે બોલાચાલી કરી ગંદી બિભત્સ ગાળો બોલતા હોય ફરીયાદીશ્રીએ શાંતિ રાખવાનુ કહેતાં બન્ને જણાએ ફરીયાદીશ્રીને ગંદી બિભત્સ ગાળો બોલી તેમજ આરોપી નં.૧ નાઓ ઝપાઝપી કરી ચપ્પાનો એક ઘા પેટના ડાબી બાજુ એક લસરકો મારી તેમજ આ કામના સાહેદને પણ જમણા હાથના અંગુઠા ઉપર ચપ્પુ વગાડી તેમજ આરોપી નં.૩ નાએ લાકડાના દંડાનો એક ફટકો ફરીયાદીને ડાબા પગના ઘુંટણના ભાગે મારી તેમજ નં.૪ નાએ લાંકડાની પાઈપનો એ ફટકો ફરીયાદીને માથાના મધ્યભાગે તથા ડાબા હાથનાપંજા ઉપર એક એક ફટકો મારી તેમજ આરોપી નં.ર નાએ આ કામના સાહેદને લાકડાના દંડાનો એક ફટકો ડાબી આંખની ભ્રમર પાસે મારઈ ઈજા કરી જાહેર નામાનો ભંગ કરી **<u>ધી. ઈ.પી.કો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧)</u>** મુજબ સજાને પાત્ર ગુન્હા કરેલા છે ?

**:૨:** શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારાં નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

૧: નકારમાં,

૨: આખરી હુકમ મુજબ,

૭. ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

**<u>-: કા ર ણો :-</u>**

**૮. મુદા નં.૧ ચર્ચા :-**

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપીઓ સામે **<u>ધી. ઈ.પી.કો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકડ કલમ ૧૩૫(૧)</u>** ગુન્હાનો આક્ષેપ છે. આ કામનાં આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષે રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી તથા સાહેદો ફરીયાદી મો.હુસેન અન્સારી ,સાહેદ મો.મુસ્તુફા, સાહેદ મહેદીહસન અન્સારી નાઓને આંક-૦૯,આંક-૧૧, આંક-૧૨ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું ફરીયાદી તેમનાં પુરાવામાં આંક-૧૦ થી રજુ થયેલ ફરીયાદ તથા નિવેદ માં તેમની સહી સિવાય મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેમજ પરવાનગીથી વિગતવારની ઉલટતપાસ કરતા ફરીયાદ મુજબની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં અરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી તથા ટોળામાંથી ગંદી ગાળો કોણ બોલતુ હતો તે તેઓ ચોકકસ કહી શકે નહી. ધકકામુકકી મા પડી જાવાથી તેઓને ઈજાઓ થયેલ છે. જેથી આવેશમાં આવી ફરીયાદી એ હાલની ફરીયાદ કરેલ હોવાનું સ્પષ્ટપણે કબુલ કરતા હોય, ફરીયાદપક્ષે જે આંક-૧૦ વાળી ફરીયાદ આપવામાં આવેલ છે તે મુજબની હકીકતોને ફરીયાદપક્ષે પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક-૧૮ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય, સદરહું કામે એક માત્ર ફરીયાદી તથા સાહેદો આ કામે રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ ધ્વારા પણ આરોપીઓ વિરુધ્ધની કોઈ જ હકીકત જણાવતા નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપીઓએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્રપણે માનવું છે. જેથી આ કામનાં આરોપીઓએ **<u>ધી. ઈ.પી.કો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકડ કલમ ૧૩૫(૧)</u>** મુજબ સજાને પાત્ર ગુન્હા કરેલા છે કે કેમ ? તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –:: <u>આખરી હુકમ</u> ::–

– આ કામનાં આરોપીઓ (૧)મોહમદ સાકીર ઉર્ફે અજજુ સા/ઓ અબ્દુલ ગફાર અંસારી ઉ.વ.પુખ્ત, રહે. મ.નં. ૧૬૧/૧ પઠાણની ચાલી કાળીદાસ મીલ સામે ગોમતીપુર અમદાવાદ,(૨)મોહમદ સકીલ સ/ઓ અબ્દુલ ગફાર અંસારીઉ.વ.પુખ્ત,(૩) મોહમદ રાહીલ સ/ઓ મોહમદ સકીલ અંસારી ઉ.વ.પુખ્ત,(૪) મોહમદ સરજીલ સ/ઓ મોહમદ સકીલ અંસારી ,ઉ.વ.પુખ્ત,ત્રણયે રહે. મ.નં. ૧૬૧/૩ પઠાણની ચાલી કાળીદાસ મીલ સામે ગોમતીપુર અમદાવાદ નાઓને **<u>ધી. ઈ.પી.કો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકડ કલમ ૧૩૫(૧)</u>** નાં ગુન્હા કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપવાના રહેશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ.૨૭–૦૨–૨૦૨૩
અમદાવાદ.

**(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)**
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૪, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૧૧૭૨.

P.A.(M.M.SHAIKH)